ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૦/૧૮-૧૯/ 4530 તારીખ : -6 OCT 2018

કેસ ન. ૬૦/૧૮-૧૯.

પ્રતિ,
શારદાબેન બળવંતભાઈ રાવલ,
ન્યુ ચન્દ્રોદય સોસાયટી,
વાઘેશ્વરી સોસાયટી પાસે,
દાળમીલ રોડ,
સુરેન્દ્રનગર - ૧.
મો :

**વિષય :** વીજબીલમાં ખોટીરીતે નાણા બાકી આવવા બાબત.

**સંદર્ભ** : ૧) આપનો પત્ર તા. ૧૫.૦૬.૧૮.
૨) બીઝેડ/ફોરમ/૬૦/૧૮-૧૯/૨૮૫૮ તા. ૨૭.૦૬.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૧૮.૦૯.૧૮. નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ:
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગરશહેર-૧.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૬૦/૧૮-૧૯ ☜

વાદી :– શારદાબેન બળવંતભાઈ રાવલ.

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૧૮/૦૯/૨૦૧૮ ◈

હાજર રહયા :– શારદાબેન બળવંતભાઈ રાવલ, – પોતે

પ્રતિવાદી :– શ્રી એમ.એન શનેસ્વરા, નાયબ ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

શ્રી શારદાબેન બળવંતભાઈ રાવલ, મુ.સુરેન્દ્રનગર ની તેમના ઘર વપરાશના વીજ બિલમાં ઉજાલા લેમ્પના પૈસા બાકી આવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૦/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ ૬૦/૧૮-૧૯ /૨૮૫૮ તા.૨૭.૦૬.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૧૮.૦૯.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એમ.એન શનેસ્વરા, નાયબ ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ**– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ શારદાબેન બળવંતરાયરાવલના ગ્રાહક નંબર-૨૫૧૦૪/૦૬૫૩૫/૯ ના ઘરવપરાશ વીજ બીલ માંઉજાલા બલ્બના રુ ૨૫.૦૦ ખોટી રીતે વીજ બીલના નાણાંબાકી આવવા બાબત ની ફરીયાદ કરવામાંઆવેલ છે.

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ**– તેમની રજુઆત છે કે,

૨.૧ સદર બાબતે ગ્રાહક શ્રી શારદાબેન બળવંતરાયરાવલ માં જુન-જુલાઇ-૨૦૧૭ માં રુ ૭૫.૦૦ તેમ જઓગસ્ટ-સપ્ટે-૨૦૧૭ માં રુ ૧૫૦.૦૦ બંને કુલ મળી ૨૨૫.૦૦ રુ લેઝરસીટ માંઉજાલાબલ્બ પેટે ગ્રાહકના ખાતે સીસ્ટમ દ્રારા ભૂલ થી ઉધારવામા આવેલ છે. જે ઉજાલા બલ્બ ગ્રાહક દ્રારા કેશ પેમેન્ટ થી લેવામા આવેલ છે,જેનું બીલ ની નકલ સામેલ છે.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૨ સદર બાબતે ગ્રાહકને રુ ૨૨૫.૦૦ શહેર પેટા વિભાગીય કચેરી-૧ દ્વારા જમાઆપવામા આવેલ છે,જેનો સીસ્ટમજનરેટેડ રીપોર્ટ આ સાથે સામેલ છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શારદાબેન બળવંતરાય રાવળ સુરેન્દ્રનગર શહેરમાં ઘર વપરાશનું સિંગલ ફેઝ વીજ જોડાણ ગ્રા.નં. ૨૫૧૦૪/૦૬૫૩૫/૯ થી ધરાવે છે.

૩.૨ વાદીએ એનર્જી એફીસીએન્સી સર્વિસ હેઠળ રોકડેથી ઉજાલા એલ.ઈ.ડી. બલ્બ ખરીદેલ છતાં તેમના ઘર વપરાશના થતા વીજ બિલમાં હપ્તા તરીકે રૂ. ૭૫/- નો એક હપ્તો એમ કુલ ૩ લેમ્પના રૂ. ૨૨૫/- ઉધારવામાં આવેલ.

3.3 પ્રતિવાદીએ ભૂલથી વાદીના બિલમાં રૂ. ૨૨૫/- ઉધારેલ જેના રીફંડ માટેની કાર્યવાહી કરેલ છે અને રૂ. ૨૨૫/-ની ક્રેડીટ હવે પછીના બિલમાં આપવમાં આવશે તેમ ફોરમને જણાવેલ છે.

<u>–:: હુકમ ::–</u>

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે હુકમ કરવામાં આવે કે " પ્રતીવાદીએ વાદીને તેના હવે પછીના વીજ બિલમાં રૂ. ૨૨૫/- જમા આપવા."
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :–૧૮.૦૯.૧૮.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.